## વિરાટના આગમનથી રણજી મેચમાં અલગ જુસ્સો, દિલ્હી જીત સાથે વિદાય ઇચ્છશે

**મેચનું** પરિણામ જે આવે તે પણ જો દિલ્હી પહેલા બેટિંગ કરશે તો મેદાનમાં 10000થી વધુ લોકો ઉમટી શકે

નવી દિલ્હી, તા. 29 (પીટીઆઇ) : રણજી ટ્રોફી ગ્રુપ ડીની મેચમાં આવતીકાલે ગુરૂવારે અહીં મેદાનમાં ઉતરી રહેલા વિરાટ કોહલીની કરિશ્માઇ હાજરીએ માત્ર રણજી ટ્રોફીની ચમકમાં વધારો કર્યો નથી પરંતુ ખરાબ તબક્કાનો સામનો કરી રહેલી દિલ્હીની ટીમનું મનોબળ પણ વધારતા તે પોતાની અંતિમ મેચમાં જીત સાથે વિદાય લેવા માગશે. રેલવે પાસે છ મેચમાં 17 પોઇન્ટ છે અને જો તે બોનસ પોઇન્ટ સાથે દિલ્હીને હરાવે તો તે નોકઆઉટમાં પહોંચી શકે છે. દિલ્હીના છ મેચમાં 14 પોઇન્ટ છે અને જો અને તોની સ્થિતિમાં તે રેસમાં છે. બાય ધ વે, કોહલીની રમત જોવા આવનારા પ્રેક્ષકોને પરિણામની પરવા નથી. કોહલીની વાપસી એવી પ્રસિદ્ધ છે કે ફિરોઝશાહ કોટલા મેદાન પરથી લાઈવ સ્ટ્રીમિંગ માટે છેલ્લી ઘડીએ વ્યવસ્થા કરવામાં આવી છે. કોહલી 12 વર્ષ અને ત્રણ મહિના પછી રણજી મેચ રમશે. એવું માનવામાં આવે છે કે કોહલી ટીમમાં જોન્ટી સિદ્ધુનું સ્થાન લેશે જે છેલ્લી કેટલીક મેચોમાં સારું પ્રદર્શન કરી શક્યા નથી. કોટલાની પીચ લીલી દેખાઈ રહી છે અને બદોનીએ સંકેત આપ્યો છે કે તે વધારાના ઝડપી બોલર સાથે જશે. આવી સ્થિતિમાં મણિ ગ્રેવાલ પ્લેઈંગ ઈલેવનમાં વાપસી કરી શકે છે.

## ગુજરાત અને હિમાચલ વચ્ચે રણજી ક્વાર્ટર ફાઈનલમાં સ્થાનનો જંગ

અમદાવાદ, તા. 29 (પીટીઆઇ) : રણજી ટ્રોફી એલિટ ગ્રુપ બીની આવતીકાલે ગુરૂવારથી અહીં રમાનારી ગુજરાત અને હિમાચલ પ્રદેશ વચ્ચે અંતિમ મેચ જીતનાર ટીમ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચશે. ગ્રુપ બીમાં વિદર્ભ 34 પોઇન્ટ સાથે ટોચ પર છે જેણે છેલ્લા રાઉન્ડમાં રાજસ્થાનને 221 રનથી હરાવ્યું હતું. ગુજરાતના 26 અને હિમાચલ પ્રદેશના 21 પોઇન્ટ છે. બંને ટીમો હજુ પણ ક્વાર્ટર ફાઇનલની રેસમાં છે. હૈદરાબાદ 16, રાજસ્થાન 16, ઉત્તરાખંડ 10, આંધ્ર સાત અને પુડુચેરી ત્રણ પોઇન્ટ સાથે રેસમાંથી બહાર છે.

# સ્ટેડિયમની તૈયારી મામલે ચિંતાઓ છતાં પીસીબીનું એક જ રટણ, બધું થઇ જશે

**પાકિસ્તાની** અંગ્રેજી અખબાર ડોન કહે છે કે સમયમર્યાદામાં રિનોવેશન કામગીરી પૂર્ણ થવી અશક્ય લાગે છે

**સ્ટેડિયમ** મેચોની યજમાની માટે તૈયાર હશે પણ તે વર્લ્ડ ક્લાસ રહેવાનું વચન પુરૂ નહીં થાય : પીસીબી સૂત્ર



કરાચી, તા. 29 (પીટીઆઇ) : ચેમ્પિયન્સ ટ્રોફીની મેચોની યજમાની માટે અહીંનું નેશનલ સ્ટેડિયમ તૈયાર હશે એવું પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ભારપૂર્વક કહે તો છે, જોકે 19 ફેબ્રુઆરીથી શરૂ થનારી આ મુખ્ય ઈવેન્ટ માટે સ્થળની તૈયારીઓને લઈને ચિંતાઓ સતત વધી રહી છે.

પાકિસ્તાનના અગ્રણી અંગ્રેજી દૈનિક ડોને બુધવારે એક સ્ટોરી પ્રકાશિત કરી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે, સમય મર્યાદામાં રિનોવેશનનું કામ પૂર્ણ થશે તેવું વિચારવું બિલકુલ અશક્ય લાગે છે, પરંતુ જે કર્મચારીઓને આ જવાબદારી સોંપવામાં આવી છે તે સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કામ કરી રહ્યા છે. અખબારે એવી ટીપ્પણી પણ કરી હતી કે બોર્ડ ક્યાં તો હીરો અથવા ઝીરો બનશે.

જોકે પીસીબીના અધ્યક્ષ મોહસિન નકવીએ મંગળવારે રાવલપિંડી સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું હતું અને ખાતરી આપી હતી કે ચેમ્પિયન્સ ટ્રોફી યોજના મુજબ યોજાશે, એવું લાગે છે કે બોર્ડ 31 જાન્યુઆરીની સમયમર્યાદા સુધીમાં લાહોર, કરાચી અને રાવલપિંડીમાં નવીનીકરણ કરાયેલા સ્થળો પર નિયંત્રણ મેળવે તેવી શક્યતા નથી.

રિનોવેશન પર નજર રાખતા એક સૂત્રએ કહ્યું હતું કે જુઓ, સ્ટેડિયમ મેચોની યજમાની માટે તૈયાર હશે, પરંતુ પ્રશ્ન એ છે કે શું પીસીબીએ ટ્રાઈ-સિરીઝ અને ચેમ્પિયન્સ ટ્રોફી માટે આ રિનોવેટ કરાયેલા સ્થળો પર દરેકને વર્લ્ડ ક્લાસ અનુભવ આપવાનું વચન આપ્યું છે, તે પૂરું કરી શકશે કે કેમ તે જોવાનું બાકી છે. રિનોવેશનના કામ માટે જવાબદાર વ્યક્તિ બિલાલ ચૌહાણ કરાચીમાં કામ પૂર્ણ કરવા માટે સમયસર જરૂરી સાધનો અને મંજૂરીઓ ન મળવાની ફરિયાદ કરી રહ્યા છે. નવી ઈમારત પર સ્થાપિત થનારી પેનલો રવિવારે રાત્રે જ કરાચી બંદરેથી છૂટી જવાની હતી, જેનું ઈન્સ્ટોલેશન બીજા દિવસે સવારે થવાનું હતું.

# PCBની લેટલતીફીએ પહેલો ભોગ લીધો, જ્યોફ એલાર્ડિસ ICC CEO પદ છોડ્યું

**ચેમ્પિયન્સ** ટ્રોફી માટેના સ્ટેડિયમ સંપૂર્ણપણે હજુ તૈયાર ન હોવાના કારણે એલાર્ડિસ રાજીનામુ આપ્યાના અહેવાલ



દુબઈ, તા. 28 : ઓસ્ટ્રેલિયાના જ્યોફ એલાર્ડિસે આવતા મહિને પાકિસ્તાનની યજમાનીમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી વન ડે ટુર્નામેન્ટના થોડા અઠવાડિયા પહેલા આઇસીસીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઇઓ) પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. તેમના રાજીનામા પાછળ સૌથી મોટું કારણ ચેમ્પિયન્સ ટ્રોફી માટેના ત્રણેય સ્ટેડિયમ હજુ સંપૂર્ણ તૈયાર ન હોવાનું માનવામાં આવી રહ્યું છે.

એલાર્ડીસ 2012માં ક્રિકેટ ઓસ્ટ્રેલિયામાંથી આઇસીસીમાં ક્રિકેટના જનરલ મેનેજર તરીકે જોડાયા હતા. 57 વર્ષીય સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેટરને આઠ મહિના સુધી કાર્યકારી સીઈઓ તરીકે સેવા આપ્યા પછી નવેમ્બર 2021માં સીઈઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. અલાર્ડિસે અહીં જારી કરેલા એક નિવેદનમાં કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે સેવા આપવી મારા માટે સૌભાગ્યની વાત છે. ક્રિકેટની વૈશ્વિક પહોંચને વિસ્તારવાથી લઈને ICC સભ્યો માટે વ્યાપારી આધાર બનાવવા સુધી અમે જે પરિણામો પ્રાપ્ત કર્યા છે તેના પર મને અતિ ગર્વ છે. આઈસીસી બોર્ડ હવે એલાર્ડીસના અનુગામીની શોધની પ્રક્રિયા શરૂ કરશે.

આઇસીસી બોર્ડના એક ટોચના સૂત્રએ કહ્યું હતું કે એલાર્ડિસની વિદાયની વાત ઘણાં સમયથી ચાલતી હતી. અમેરિકામાં આયોજીત ટી-20 વર્લ્ડકપ રમતની સ્થિતિની દૃષ્ટિએ નિષ્ફળ રહ્યા પછી પાકિસ્તાનની યજમાનીમાં રમાનારી ચેમ્પિયન્ય ટ્રોફીની તૈયારી હજુ સ્પષ્ટ થઇ શકી નથી અને ત્રણેય સ્ટેડિયમમાં રિનોવેશનની કામગીરી ચાલી જ રહી છે.

# ટી-20 રેન્કિંગમાં તિલક વર્મા બીજા ક્રમે, વરુણ ચક્રવર્તી ટોપ 5માં સામેલ

**832 રેટિંગ** પોઇન્ટ ધરાવનાર તિલક પાસે સૌથી યુવા વયે ટોચના સ્થાને પહોંચવાની તક

**વરુણ** ચક્રવર્તી 25 ક્રમની છલાંગ લગાવીને ટોપ ફાઇવમાં પાંચમા સ્થાને, આદિલ રશિદ ફરી ટોચે




દુબઈ, તા. 29: આઈસીસી દ્વારા આજે બુધવારે જાહેર કરાયેલા પુરૂષોની ટી-20 રેન્કિંગમાં ભારતનો પ્રતિભાશાળી બેટ્સમેન તિલક વર્મા બેટ્સમેનોની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે સ્પિનર વરુણ ચક્રવર્તીએ 25 ક્રમનો મોટો કૂદકો લગાવીને બોલરોની યાદીમાં ટોચ ફાઈવમાં સામેલ થયો છે.

તિલક હવે બેટ્સમેનોની યાદીમાં ટ્રેવિસ હેડથી પાછળ છે. હેડ તિલક પર 23 પોઈન્ટની લીડ ધરાવે છે. ડાબોડી બેટ્સમેન તિલક અત્યારે શાનદાર ફોર્મમાં છે અને વર્તમાન સીરિઝમાં તિલક પાસે હેડને પાછળ છોડીને રેન્કિંગમાં ટોચ પર પહોંચનાર સૌથી યુવા ખેલાડી બનવાની તક છે. આ રેકોર્ડ હાલમાં પાકિસ્તાનના બાબર આઝમના નામે છે, જે 23 વર્ષ અને 105 દિવસની ઉંમરમાં નંબર વન પર પહોંચ્યો હતો.

ઈંગ્લેન્ડનો સ્પિનર આદિલ રાશિદ બોલરોની રેન્કિંગમાં ફરી ટોચ પર પહોંચી ગયો છે.

### ટી-20 ટોપ ટેન બેટ્સમેન

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | ટ્રેવિસ હેડ | ઓસ્ટ્રેલિયા | 855 |
| 2 | તિલક વર્મા | ભારત | 832 |
| 3 | ફિલ સોલ્ટ | ઈંગ્લેન્ડ | 782 |
| 4 | સૂર્યકુમાર યાદવ | ભારત | 763 |
| 5 | જોશ બટલર | ઈંગ્લેન્ડ | 749 |
| 6 | બાબર આઝમ | પાકિસ્તાન | 712 |
| 7 | પથુમ નિસાંકા | શ્રીલંકા | 707 |
| 8 | મહંમદ રિઝવાન | પાકિસ્તાન | 704 |
| 9 | યશસ્વી જયસ્વાલ | ભારત | 685 |
| 10 | કુસલ પરેરા | શ્રીલંકા | 675 |

### ટી-20 ટોપ ટેન બોલર્સ

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | આદિલ રશિદ | ઈંગ્લેન્ડ | 718 |
| 2 | અકિલ હોસેન | વેસ્ટઇન્ડિઝ | 707 |
| 3 | વનિન્દુ હસરંગા | શ્રીલંકા | 698 |
| 4 | એડમ ઝમ્પા | ઓસ્ટ્રેલિયા | 694 |
| 5 | વરુણ ચક્રવર્તી | ભારત | 679 |
| 6 | જોફ્રા આર્ચર | ઈંગ્લેન્ડ | 666 |
| 7 | મહિષ તિક્શાના | શ્રીલંકા | 665 |
| 8 | રાશિદ ખાન | અફઘાનિસ્તાન | 668 |
| 9 | અર્શદીપ સિંહ | ભારત | 664 |
| 10 | રવિ બિશ્નોઇ | ભારત | 659 |

# શ્રીલંકા સામે પ્રથમ ટેસ્ટમાં ખ્વાજા-સ્મિથની સદી સાથે ઓસ્ટ્રેલિયાની મજબૂત શરૂઆત

## 35મી સદી સાથે ટેસ્ટમાં સર્વાધિક સદી મામલે સ્ટીવ સ્મિથ સાતમા ક્રમે પહોંચ્યો

**સ્મિથ** 10000 રન પુરા કરનારો વિશ્વનો 15મો જ્યારે ચોથો ઓસ્ટ્રેલિયન, ઇનિંગ્સના હિસાબે પાંચમો સૌથી ઝડપી

ગોલ, તા. 29 : આજે ગુરૂવારથી અહીં શરૂ થયેલી પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે ઓસ્ટ્રેલિયા વતી સદી ફટકારીને સ્ટીવ સ્મિથે પોતાની ટેસ્ટ કેરિયરની 35મી સદી ફટકારીને ક્રિકેટના સૌથી લાંબા ફોર્મેટમાં સૌથી વધુ સદી ફટકારવા મામલે વિશ્વનો સાતમા ક્રમે પહોચ્યો છે. ટેસ્ટમાં સર્વાધિક 51 સદીનો રેકોર્ડ ભારતના સચિન તેંદુલકરના નામે છે. આ ઈનિંગ દરમિયાન સ્મિથે પોતાની ટેસ્ટ કેરિયરના 10000 રન પુરા કર્યા હતા અને તે વિશ્વનો 15મો અને રિકી પોન્ટીંગ, એલન બોર્ડર તેમજ સ્ટીવ વો પછી તે ચોથો ઓસ્ટ્રલિયન બન્યો હતો. ઈનિંગના હિસાબે સ્મિથ આ આંકડે પહોંચનારો પાંચમો સૌથી ઝડપી ખેલાડી હતો. તેના કરતાં ઓછી ઈનિંગમાં બ્રાયન લારા, સચિન તેંદુલકર, કુમાર સંગાકારા અને રિકી પોન્ટીંગ આ આંકડે પહોંચ્યા હતા.

### ટેસ્ટમાં સૌથી વધુ સદી ફટકારનાર ટોપ 10 બેટ્સમેન

| ખેલાડી | દેશ | સદી |
|---|---|---|
| સચિન તેંદુલકર | ભારત | 51 |
| જેક કાલિસ | દક્ષિણ આફ્રિકા | 45 |
| રિકી પોન્ટિંગ | ઓસ્ટ્રેલિયા | 41 |
| કુમાર સંગાકારા | શ્રીલંકા | 38 |
| જો રૂટ | ઈંગ્લેન્ડ | 36 |
| રાહુલ દ્રવિડ | ભારત | 36 |
| સ્ટીવ સ્મિથ | ઓસ્ટ્રેલિયા | 35 |
| યુનિસ ખાન | પાકિસ્તાન | 34 |
| સુનીલ ગાવસ્કર | ભારત | 34 |
| બ્રાયન લારા | વેસ્ટ ઈન્ડિઝ | 34 |
| માહેલા જયવર્દને | શ્રીલંકા | 34 |

### સૌથી ઝડપી 10000 રન પુરા કરનારા ખેલાડી

| ખેલાડી | દેશ | ઇનિંગ |
|---|---|---|
| બ્રાયન લારા | વેસ્ટઇન્ડિઝ | 195 |
| સચિન તેંદુલકર | ભારત | 195 |
| કુમાર સંગાકારા | શ્રીલંકા | 195 |
| રિકી પોન્ટીંગ | ઓસ્ટ્રેલિયા | 196 |
| સ્ટીવ સ્મિથ | ઓસ્ટ્રેલિયા | 205 |

**ઉસ્માન** ખ્વાજા અને સ્ટીવ સ્મિથે ત્રીજી વિકેટની 195 રનની નોટઆઉટ ભાગીદારી કરી




ગોલ, તા. 29 : શ્રીલંકા પ્રવાસમાં રમાનારી બે ટેસ્ટની સીરિઝની આજે બુધવારથી અહીં શરૂ થયેલી પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે ઓપનર ઉસ્માન ખ્વાજા અને કેપ્ટન સ્ટીવ સ્મિથની નોટઆઉટ સદીઓની મદદથી ઓસ્ટ્રેલિયાએ બે વિકેટે 330 રન બનાવ્યા હતા.ખરાબ પ્રકાશને કારણે પ્રથમ દિવસની રમત વહેલી બંધ થઈ ત્યારે સ્મિથ 104 અને ખ્વાજા 147 રને ક્રિઝ પર હતા અને બંનેએ અત્યાર સુધી ત્રીજી વિકેટ માટે 195 રનની નોટઆઉટ ભાગીદારી કરી છે.

શ્રીલંકાને સ્મિથને વહેલો આઉટ કરવાની તક મળી હતી પરંતુ જયસૂર્યા તેને પોતાના જ બોલ પર કેચ પડતો મૂક્યો હતો. તેની ભૂલ શ્રીલંકા માટે મોંઘી સાબિત થઈ કારણ કે આ પછી સ્મિથે તેને કોઈ તક આપી ન હતી. ભારત સામે બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં અપેક્ષા મુજબનું પ્રદર્શન ન કરનાર ખ્વાજાએ તે પહેલા ટ્રેવિસ હેડ સાથે 92 રનની ઓપનીંગ ભાગીદારી કરી હતી. હેડ 40 બોલમાં 57 રન કરીને આઉટ થયો હતો.

| ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ખ્વાજા રમતમાં | 147 | 210 | 10 | 1 |
| હેડ કો.ચંદીમલ બો.જયસૂર્યા | 57 | 40 | 10 | 1 |
| લાબુશેન કો. ધનંજય બો.વન્ડારસે | 20 | 50 | 2 | 0 |
| સ્મિથ રમતમાં | 104 | 188 | 10 | 1 |
| વધારાના | 2 | | | |
| કુલ (81.1 ઓવરમાં બે વિકેટે) | 330 | | | |

**વિકેટપતન :** 1/92, 2/135

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અસિતા ફર્નાન્ડો | 7 | 1 | 41 | 0 |
| નિશાન પેઇરિસ | 21.1 | 0 | 93 | 0 |
| પ્રભાત જયસૂર્યા | 33 | 7 | 102 | 1 |
| જેફરી વન્ડારસે | 20 | 0 | 93 | 1 |

## ઉસ્માન ખ્વાજાએ શ્રીલંકા સામે ટેસ્ટમાં સૌથી મોટી વયે સદી ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો

**ઉસ્માન** ખ્વાજા શ્રીલંકામાં ઓસ્ટ્રેલિયન ઓપનર તરીકે એક દાવમાં સર્વાધિક રન મામલે બીજા સ્થાને

ઓસ્ટ્રેલિયાના ઓપનર ઉસ્માન ખ્વાજાએ આજે બુધવારથી ગોલમાં શરૂ થયેલી પ્રથમ ટેસ્ટના પહેલા જ દિવસે શ્રીલંકા સામે સદી ફટકારીને તે આ ટાપુ દેશ સામે ટેસ્ટમાં સદી ફટકારનારો સૌથી મોટી ઉંમરનો ક્રિકેટર બની ગયો છે. આ સાથે જ ઉસ્માન ખ્વાજા શ્રીલંકામાં રમતી વખતે ટેસ્ટ ઓપનર તરીકે એક ઈનિંગમાં સૌથી વધુ રન ફટકારનાર ઓસ્ટ્રેલિયાનો બીજો બેટ્સમેન બની ગયો છે. માજી ઓપનર જસ્ટિન લેંગરનું નામ પ્રથમ સ્થાને આવે છે. જેણે 2004માં 166 રન બનાવ્યા હતા. જો કે ખ્વાજા હજુ ક્રિજ પર છે અને આવતીકાલે ગુરૂવારે તેની પાસે આ મામલે ટોચ પર પહોંચવાની તક છે. લેંગરનો રેકોર્ડ બ્રેક કરવા માટે ખ્વાજાને 19 રનની જરૂર છે.

### શ્રીલંકા સામે તેમની જ ધરતી પર સૌથી વધુ વયે સદી ફટકારનાર ખેલાડી

| ખેલાડી | દેશ | મેદાન | વર્ષ | ઉંમર |
|---|---|---|---|---|
| ઉસ્માન ખ્વાજા | ઓસ્ટ્રેલિયા | ગોલ | 2025 | 38 વર્ષ અને 42 દિવસ |
| યુનિસ ખાન | પાકિસ્તાન | પલ્લેકેલે | 2015 | 37 વર્ષ અને 215 દિવસ |
| સચિન તેંડુલકર | ભારત | કોલંબો | 2010 | 37 વર્ષ અને 93 દિવસ |
| એલન બોર્ડર | ઓસ્ટ્રેલિયા | મોરાતુવા | 1929 | 37 વર્ષ અને 43 દિવસ |

### શ્રીલંકામાં ઓસ્ટ્રેલિયન ઓપનરનો સર્વોચ્ચ ટેસ્ટ સ્કોર

| ખેલાડી | મેદાન | વર્ષ | સ્કોર |
|---|---|---|---|
| જસ્ટિન લેંગર | કોલંબો | 2004 | 166 |
| ઉસ્માન ખ્વાજા | ગોલ | 2025 | 147* |
| કેપ્લર વેસેલ્સ | કેન્ડી | 1983 | 141 |
| મેથ્યુ હેડન | ગૌલ | 2004 | 130 |
| શોન માર્શ | કોલંબો | 2016 | 130 |
| ફિલ હ્યુજીસ | કોલંબો | 2011 | 126 |

## મેઘાલય સામે વિક્રમી મોટી જીતનું મુંબઈ પર દબાણ

મુંબઈ, તા. 29 : જમ્મુ અને કાશ્મીર સામે અણધારી હાર બાદ ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈને હવે મેઘાલય સામેની રણજી ટ્રોફી એલિટ ગ્રુપ-એની પોતાની છેલ્લી મેચમાં બોનસ પોઈન્ટ મેળવીને મોટા માર્જિનથી જીત મેળવવી પડશે.

### સુડોકુ ૬૮૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૨ | ૯ | | | ૬ | ૫ | |
| | | | ૫ | ૮ | | | | ૨ |
| | ૭ | | ૪ | ૬ | | | | |
| ૯ | | | ૨ | | | ૫ | | ૩ |
| | | ૮ | | | ૬ | | | ૯ |
| ૪ | ૨ | ૩ | ૭ | | | ૧ | ૬ | |
| | | | | | | ૮ | ૨ | ૫ |
| | | ૭ | | | | ૩ | ૧ | ૪ |
| | | | ૮ | ૨ | | | ૯ | ૬ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### આંખ

મહામૂલું રતન છે. ત્રિફલા ના પાણીથી આંખ રોજ ધોવી જોઈએ. ક્યારેક ત્રિફલા હાથવગું ના હોય, બહારગામ માં આંખ દુખે કે ચેપ લાગે તો 25 ગ્રામ ફટકડી ના સ્ફટિક 450 મીલી સ્વચ્છ પાણીમાં ઓગળી તેનાથી વારંવાર આંખ ધોવી. ચોવડ વાળેલું કપડું એમાં ભીંજવી આંખો પર મૂકી આરામ કરવો. સમયાંતરે કપડું બદલતા રહેવું.

## શબ્દગુંફન - ૬૮૮૦

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. જુદાઈ, પક્ષાપક્ષી (૪)
૪. ભારે તૈયારી (૪)
૬.શારીરિક ઇજા (૩)
૯. સંતોષ (૩)
૧૧. છેક શરૂઆત (૪)
૧૩. પર્વત (૨)
૧૫. હોડી, વહાણ (૨)
૧૬. નુકસાન (૨)
૧૭. કિંમતી પથ્થર (૨)
૧૮. ટેવ, વ્યસન (૨)
૨૧. બટન ઘાલવાનું નાકું (૨)
૨૩. પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૨૫. રોકડું (૩)
૨૭. ધન (૨)
૨૮. ટેક, આબરૂ (૨)
૨૯. વાંદરું, કપિ (૩)
30. સિંહ (૪)
૩૧. ફતેહ, વિજય (૨)
૩૨. આકૃતિ, છબી (૨)
૩૩. આંખ (૩)
૩૪. અભિપ્રાય (૨)

**ઊભી ચાવી**
૨. નકામું આમ તેમ જોવું તે (૩)
૩. આકરી પરીક્ષા (૨)
૪. રહેવાનું સ્થળ (૨)
૫. ધૂળના રંગનું (૩)
૭. લેખ, દસ્તાવેજ(૨)
૮. સમય, વખત (૨)
૯. સપાટા બંધ (૫)
૧૦. જંગલ (૨)
૧૧. ધોળું, સફેદ (૩)
૧૨. મોં કે માથાનો ભાગ (૨)
૧૪. ખપ, જરૂર (૩)
૧૯. એક તેલી બી (૨)
૨૦. ખેલ (૩)
૨૧. ચહેરાની બન્ને બાજુનો ભાગ (૨)
૨૨. એક કઠોળ (૨)
૨૪. શ્રમ, પરિશ્રમ, જહેમત (૪)
૨૫. દોરડા પર નાચનાર (૨)
૨૭. રચેલું (૪)
૨૮. ભાર (૩)
૩૧. એક જાતનું ભૂત (૨)

## આજનું પંચાંગ

**તા. 30/01/2025, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1946
**વીર સંવત :** 2551 **માસ :** મહા
**તિથિ:** સુદ : એકમ: 16:12
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** મહા - 10
**નક્ષત્ર :** શ્રવણ
**યોગ :** વ્યતિપાત **કરણ : બાવલ**
**રાશિ:** મકર (ખ.જ.) 18:36 પછી કુંભ (ગ.સ.શ.ષ.)
**દિવસ :** અશુભ હર્ષલ માર્ગી: 21:54 થી
**સુરતમાંસૂર્યોદય:** 07:18 **સુરતમાંસૂર્યાસ્ત :** 18:26
**નવકારસી :** 08:06
**પારસી વર્ષ :** 1394, શેહરેવર માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446, રજ્જબ માસનો 29મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ.લ.ઇ.):** પિતાના ધંધા કે વારસાગત ધંધામાં આવક વધશે. આત્મસંતોષજનક પ્રગતિ નોકરિયાતની રહેશે.
**વૃષભ (બ.વ.ઉ.):** કામકાજમાં અનુકૂળતા રહે. જીવન સાથી સાથે તાલ મેળથી કુટુંબ પરિવારના કામમાં પ્રગતિ થાય.
**મિથુન (ક.છ.ઘ.):** આરોગ્ય બાબતે સાવધાની રાખવી તથા પડવા-વાગવાથી સંભાળવું. ખર્ચા ખરીદી વધશે.
**કર્ક (ડ.હ.):** હકારાત્મક રહેવું. નવા લોકોથી સાવધાન તેમજ રોજના કામમાં ધીરજ અને મનને શાંત રાખવું.
**સિંહ (મ.ટ.):** નોકરીમાં પ્રગતિ થાય. માતા સાથે વિવાદ થાય. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. ખાવા-પીવામાં ધ્યાન.
**કન્યા (પ.ઠ.ણ.):** નવા મિત્રો અને નવા સામાજિક સંબંધ વિકસિત થાય. નોકરિયાતને કાર્યબોજ રહે. વિદ્યાર્થીઓને મદદ મળે.
**તુલા (ર.ત.):** માનસિક દબાણમાં રહેવું નહી કામનો બોજ રહેશે. નવી નોકરીની ક મળે. બહારનાં કામ વધશે.
**વૃશ્ચિક (ન.ય.):** નિયમ પ્રમાણે વ્યવહારથી માન વધશે. નોકરીમાં પ્રગતિ થાય. નવા કામની તક મળે.
**ધન (ભ.ધ.ફ.ઢ.):** સતત કાર્ય કરવાની ફરજ પડે. આરોગ્ય નરમ રહે. આરામ કરવાની ઇચ્છા પ્રબળ થાય..
**મકર (ખ.જ.):** આળસના કારણે કામનો બોજ વધશે. તમારી વ્યવહારકુશળતા સમાજમાં ઉપયોગી બનશે.
**કુંભ (ગ.સ.શ.ષ.):** તમારી મર્યાદાને ધ્યાનમાં રાખીને કોઈની જવાબદારી લેવી. લાગણીઓ પર કાબૂ રાખવો.
**મીન (દ.ચ.ઝ.થ.):** વફાદાર મિત્રોનો સાથ અચાનક નવી દિશા ખુલશે. આર્થિક બાબતે પ્રગતિ થાય.

## કોઇ પણ સાલમાં 30 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય રહેશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં ટેક્નોલોજીનો લાભ મળે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. સમાજમાં અશાંતિ વધે. ઉઘરાણીની ચિંતા વધે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં વિઘ્નો વધે. મિત્રો-વડીલો-સંતાનોના કામની ચિંતા સતાવે. ઉંમરલાયકના વિવાહમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓની અશાંતિ વધે. વિદેશના કામ ધીમાં પડે. નવા ઘર, વાહન, મકાન, વારસો, જાયદાદ, જમીન વગેરેના કામ વર્ષ દરમિયાન ચડતી પડતી સાથે થાય. નવી આવક વધારવાના પ્રયત્નોમાં મદદ મળે. યાત્રા-પ્રવાસમાં સાવધાન રહેવું. કોઇની વાતોમાં રોકાણ કરવું નહીં. ફેબ્રુઆરી માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બરમાં આર્થિક રીતે પ્રગતિથી અટકેલા કામ પાર પડશે. જૂન-જુલાઈમાં આરોગ્યનું ધ્યાન રાખવું.


## ફિલેટેક્સ ઇન્ડિયા લિમિટેડ

નોંધાયેલ કાર્યાલય: એસ.નં. 274, ડેમની રોડ, દાદરા- 396 193 (યુટી ઓફ દાદરા અને નગર હવેલી)
કોર્પોરેટ ઓળખ નંબર (CIN)- L17119DN1990PLC000091

31 ડિસેમ્બર, 2024ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોના નિવેદનનો સાર (રૂ. લાખમાં)

| અ. નં. | વિગતો | સ્ટેન્ડઅલોન | | | | | | કોન્સોલિડેટેડ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ક્વાર્ટર એન્ડેડ | | | નાઇન મન્થ એન્ડેડ | | યર એન્ડેડ | ક્વાર્ટર એન્ડેડ | | નાઇન મન્થ એન્ડેડ |
| | | 31.12.2024 (અનઓડિટેડ) | 30.09.2024 (અનઓડિટેડ) | 31.12.2023 (અનઓડિટેડ) | 31.12.2024 (અનઓડિટેડ) | 31.12.2023 (અનઓડિટેડ) | 31.03.2024 (ઓડિટેડ) | 31.12.2024 (અનઓડિટેડ) | 30.09.2024 (અનઓડિટેડ) | 31.12.2024 (અનઓડિટેડ) |
| 1 | કામગીરીમાંથી કુલ આવક | 1,06,869 | 1,04,910 | 1,08,295 | 3,17,213 | 3,26,006 | 4,28,590 | 1,06,869 | 1,04,910 | 3,17,213 |
| 2 | સમયગાળા માટે ચોખ્ખો નફો (કર પહેલાં, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ) | 6,227 | 1,835 | 4,773 | 12,452 | 10,321 | 15,043 | 6,197 | 1,822 | 12,408 |
| 3 | કરવેરા પહેલાના સમયગાળા માટેનો ચોખ્ખો નફો (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | 6,227 | 1,835 | 4,773 | 12,452 | 10,321 | 15,043 | 6,197 | 1,822 | 12,408 |
| 4 | કરવેરા પછીના સમયગાળા માટેનો ચોખ્ખો નફો (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | 4,743 | 1,347 | 3,510 | 9,319 | 7,582 | 11,066 | 4,713 | 1,334 | 9,275 |
| 5 | આ સમયગાળા માટે કુલ વ્યાપક આવક [આ સમયગાળા માટે (કર પછી) નફો અને અન્ય વ્યાપક આવક (કર પછી)નો સમાવેશ થાય છે] | 4,746 | 1,350 | 3,517 | 9,331 | 7,605 | 10,986 | 4,716 | 1,337 | 9,287 |
| 6 | ચૂકવેલ ઇક્વિટી શેર મૂડી (રૂ. 1/- પ્રતિ શેરની ફેસ વેલ્યુ) | 4,439 | 4,439 | 4,439 | 4,439 | 4,439 | 4,439 | 4,439 | 4,439 | 4,439 |
| 7 | શેર દીઠ કમાણી (રૂ. 1/- પ્રતિ શેરની ફેસ વેલ્યુ ) (વાર્ષિકકૃત નથી) બેઝિક: | 1.07 | 0.30 | 0.79 | 2.10 | 1.71 | 2.49 | 1.06 | 0.30 | 2.09 |
| | ડાયલ્યુટેડ: | 1.07 | 0.30 | 0.79 | 2.10 | 1.71 | 2.49 | 1.06 | 0.30 | 2.09 |

નોંધો:
a) ઉપરોક્ત 31 ડિસેમ્બર, 2024ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિનાના પરિણામોના વિગતવાર ફોર્મેટનો સાર છે. SEBIના નિયમન 52 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરવામાં આવ્યો છે. (લિસ્ટિંગ જવાબદારીઓ અને ડિસ્કલોઝર આવશ્યકતાઓ) નિયમનો, 2015. ત્રિમાસિક/નવ મહિનાના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ કંપનીની વેબસાઇટ www.filatex.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.nseindia.com અને www.bseindia.com પર ઉપલબ્ધ છે.
b) ઉપરોક્ત પરિણામોની સમીક્ષા ઓડિટ કમિટી દ્વારા કરવામાં આવી છે અને 29 જાન્યુઆરી, 2025ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં ડિરેક્ટર બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવી છે અને કંપનીના વૈધાનિક ઓડિટર્સ દ્વારા "મર્યાદિત સમીક્ષા" કરવામાં આવી છે. નાણાકીય પરિણામો કંપનીઝ એક્ટ, 2013ની કલમ 133 અને કંપનીઓ (ભારતીય એકાઉન્ટિંગ ધોરણો) નિયમો, 2015ના નિયમ 3 સાથે વાંચવામાં આવતા ભારતીય એકાઉન્ટિંગ ધોરણો (IND-AS) અને ત્યારબાદ સંબંધિત સુધારા નિયમો અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે.
c) 30 જૂન, 2024ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા દરમિયાન, ફિલેટેક્સ ઇન્ડિયા લિમિટેડ (હોલ્ડિંગ કંપની)એ ટેક્સફિલ પ્રાઇવેટ લિમિટેડ (સંપૂર્ણ માલિકીની પેટાકંપની કંપની)ના 100% શેર હસ્તગત કર્યા છે. પરિણામે 31 ડિસેમ્બર, 2024ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટે કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો રજૂ કરવામાં આવ્યા છે. સંબંધિત સમયગાળા માટે તુલનાત્મક આંકડાઓના અભાવે કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોમાં તે રજૂ કરવામાં આવ્યા નથી.

અનઓડિટેડ નાણાકીય પરિણામો જોવા માટે QR કોડ સ્કેન કરો

ડિરેક્ટર ઓફ બોર્ડ વતી
એસડી/-
મધુ સુધન ભગેરિયા
ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર
DIN: 00021934

સ્થળ: નવી દિલ્હી
તારીખ: 29 જાન્યુઆરી, 2025